Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# અસ્પૃશ્યતાના પ્રશ્નોને ઉજાગર કરતી રઘુવીર ચૌધરીની “ઇચ્છાવર” નવલકથા

પંચાલ દર્શનાબેન કાંતિલાલ
એમ.એ. સ્ટુડન્ટ
ડી.એન.પી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડીસા

---

ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરીની 'ઈચ્છાવર' નવલકથા મૂળ તો ઉત્તર ગુજરાતની ગ્રામીણ સમાજ વ્યવસ્થાની કથા છે. આ નવલકથા કુલ ૧૮ પ્રકરણ અને ૧૬૦ પૃષ્ઠોમાં વિભાજિત છે. અસ્પૃશ્યતાને લગતા પ્રશ્નોનું અહીં પ્રાધાન્ય જોવા મળે છે. કહેવાતા સવર્ણો દ્વારા અસ્પૃશ્યોનું થતું શોષણ, અન્યાય, અત્યાચાર વગેરે બાબતોનું નિરૂપણ રઘુવીર ચૌધરીએ અસરકારક રીતે કર્યું છે.

‘ઈચ્છાવર' નવલકથાની પ્રસ્તાવનામાં જ સર્જક શ્રી રઘુવીર ચૌધરી નોંધે છે : "આ કોઈ સુધારક તરીકેના પ્રચારનો પ્રશ્ન નથી એમાં સફળ થવામાં તો આપણે અડધી સદી પાછળ પડી ગયા છીએ. મારે માટે આ એક માનવીય અનિવાર્યતા છે. અન્ય વ્યક્તિને ઊંચ કે નીચ ન માનતા એના માનવીય ગૌરવને સ્વીકારીને એની સાથે કામ પાર પાડવું."

આ નવલકથામાં માનપુર, વડસર અને સારંગમાં વસતા ગ્રામીણ સમાજની કથા છે. તેમાં માનપુર ગામમાં નાનકડી દેરીમાંથી મોટું માયા મંદિર બને છે અને તેમાં એક નાનકડી તિરાડ પડે છે જે ધીમે ધીમે મોટી થતી જાય છે અને પછી એ મંદિર તૂટી પડે છે. અહીં મંદિર એ પ્રતીકાત્મક રૂપે રજૂ થયેલું જોવા મળે છે. આ મંદિરના 'બાપજી' પછી 'મહારાજ' અને 'મહંત' તરીકે જાણીતા ચતુર ગોસાઈના પાત્ર દ્વારા આચરાતા પાખંડ અને આડંબરને સર્જકે છતો કરી મૂક્યો છે.

જાહેરમા ઊંચનીચના ભેદભાવમાં માનનાર અને અસ્પૃશ્યોથી દૂર રહેનાર ચતુર ગોસાઈ એકાંતમાં પૂનમ જેવી દલિત સ્ત્રીનું શોષણ કરે છે. જે પૂનમ ચતુર ગોસાઈ પ્રત્યે સમર્પણભાવ અને આદરભાવ રાખે છે તેને જ પોતાની વાસનાનો ભોગ બનાવે છે. મંદિરમાં આવેલો મંગળ પૂનમ પાસે પાણી મંગાવે છે ત્યારે ચતુર ગોસાઈ પોતે ઉભા થઈને પાણી લઈ આવે છે જ્યારે

લોકોની ગેરહાજરીમાં પૂનમ પાસે જ ઘરના વાસણો સાફ કરાવે છે. એ જ રીતે મંગળના ઘરે તિકમ દ્વારા લાવેલ મોરિયાનું પાણી પણ બાપજી પીતા નથી.

મંદિરના ગર્ભગૃહમાં દલિતોને પ્રવેશ તો દૂર પરંતુ ડોકિયું પણ કરવાની છૂટ નહોતી. તિકમની વારંવાર વિનવણીને પરિણામે ચતુર ગોસાઈ વરંડામાં એક ડોકાબારી પડાવે છે કે જ્યાંથી કહેવાતા અછૂતો દર્શન કરી શકે. સર્જકે અહીં સમાજમાં જોવા મળતા માનવ-માનવ વચ્ચેના ભેદ-ભાવને ખુલ્લો મૂકવાનો પ્રયત્ન કર્યો છે. ચીકુ લેવા જતાં પૂનમના દીકરા વીકાને દીપાજી પથ્થર મારે છે. તે સમયે પથ્થરથી ઘાયલ વીકાની સારવાર કરવા માટે ચતુર ગોસાઈ પાંચ રૂપિયાની નોટ તિકમના હાથમાં ઊંચેથી નાખે છે. આવા તો અનેક પ્રસંગો નવલકથામાં બને છે જેમાં ચતુર ગોસાઈનો દંભી અને સ્વાર્થી ચહેરો ખુલ્લો પડી ગયેલો જણાય છે.

નવલકથામાં બીજું આવું દંભી અને ખલપાત્ર નાનુકાકાનું છે. ચતુર ગોસાઈ સાથે સારા સંબંધ રાખીને નાનુકાકા પોતાના બદઈરાદા પાર પાડે છે. જાહેરમાં દલિતો સાથે અસ્પૃશ્યતાનો ભાવ રાખનાર નાનુકાકા છૂપી રીતે પોતાના ત્યાં મજૂરીએ આવનાર દલિત સ્ત્રીઓનું શારીરિક શોષણ કરે છે. મંગળને ત્યાં કામ અર્થે આવતા તિકમ પ્રત્યે તુચ્છ વ્યવહાર કરનાર નાનુકાકા દલિત ખેતમજૂરોને ઘરની રકાબીમાં ચા ન આપવાનું સૂચવે છે. આવા તો અનેક પ્રસંગોમાં નાનુકાકા માં રહેલી આભડછેટની ભાવના પર સર્જક દ્રષ્ટિપાત કરાવે છે.

ચતુર ગોસાઈની દાસી તરીકેની કામગીરી બજાવનાર દીપા પણ છૂત-અછૂત અને ઊંચનીચના ભેદભાવમાં માનનારી સ્ત્રી છે. મંદિરમાં રાખેલા જમણવાર વખતે દીપાનો દલિતો પ્રત્યેનો આભડછેટનો વ્યવહાર અછતો રહેતો નથી. ગામની શાળામાં ટકાવારી પ્રમાણે શિક્ષકે ગોઠવેલ બેઠક વ્યવસ્થામાં પૂનમના દીકરા વીકાનું સ્થાન પ્રથમ હરોળમાં હતું તે દીપાજી માટે અસહ્ય થઈ પડે છે. વીકા સાથે પણ ભેદભાવ ભર્યો વ્યવહાર કરી દીપા તેને પ્રથમ હરોળમાંથી ધમકાવીને ઊઠાડી મૂકે છે. કોલેજિયન યુવક સુરેશની કારકિર્દી બગાડવા પાછળ પણ દીપાજીનો જ હાથ હોય છે.

મંગળની પત્ની કમુ ભણેલી-ગણેલી હોવા છતાં અસ્પૃશ્યતામાં માનનારી સ્ત્રી છે. રઈમાં જ્યારે ખેતરમાં પૂનમને સ્ટીલની રકાબીમાં ચા આપે છે ત્યારે કમુ કહે છે - "તમારે ત્યાં તો બધું ભેળસેળ થઈ ગયું લાગે છે! હલકી વરણમાં અમે તો કદી વિશ્વાસ ન મૂકીએ." અહીં માત્ર કમુનો જ દોષ નથી બાળપણથી જ આવા ભેદભાવ યુક્ત વાતાવરણમાં જ મોટી થઇ છે. મોટાભાગે

વાસ્તવિકતામાં પણ આવું જ બનતું હોય છે જેનો ભોગ દલિત સમાજને બનવું પડે છે. બી.એ. માં પ્રથમ વર્ગ સાથે પાસ થયેલી કમુને અભિનંદન આપવા આવેલા બાબુ અને વીકાને કમુ ઊંચા હાથે પેંડા આપે છે અને જાઓ, ઊપડો' એમ તિરસ્કાર ભરેલા શબ્દો ઉચ્ચારે છે. કમુના આવા વ્યવહારથી દુઃખી મંગળ તેને ઠપકો આપે છે ત્યારે કમુ જણાવે છે કે - "આમ તો હુંય ઊંચ-નીચના ભેદભાવમાં માનતી નથી; પણ કાયમની ટેવને કારણે એમ થઈ ગયું અને જો ભાભી જુએ કે હું અડીને એ લોકોને પેંડા આપું છું તો એ પેંડા ભરેલી આખી થાળી જ ફેંકાવી દે."

કમુના આ સંવાદ અને તેના વર્તન દ્વારા આપણને ખ્યાલ આવે છે કે સમાજમાં અસ્પૃશ્યતા નામના તત્ત્વએ એટલાં ઊંડે સુધી પોતાના મૂળિયાં કરી નાંખ્યા છે કે કમુ જેવી ભણેલી-ગણેલી સ્ત્રીની અનિચ્છા હોવા છતાં એ વાણી અને તુમાખી ભર્યું વર્તન તેના વ્યવહારમાં પ્રગટ થઈ જાય છે. આજના સમયે પણ આ અસ્પૃશ્યતા, ઊંચ-નીચના ભેદભાવોને લોકવ્યવહારમાંથી નિર્મૂળ કરી શકાયા નથી.

પશાભાઈને પોતાની દીકરી સાથે પ્રેમસંબંધ બાંધનાર દલિત યુવક જગુ પ્રત્યે ખૂબ જ રોષની લાગણી છે. તેથી બદલાની ભાવનાથી પ્રેરાઈને દલિતોને સબક શીખવવા માટે પશાભાઈ દલિત સ્ત્રીઓનું અપહરણ કરીને મુંબઈમાં તેમને વેચી નાખવાનું કાવતરું ઘડે છે. જે નિષ્ફળ નીવડે છે. સર્જક અહીં કહેવાતા સવર્ણો અને દલિતોની માનસિકતામાં રહેલી વેરભાવના કેટલી હદ સુધીની છે તે દર્શાવી સમાજની કડવી વાસ્તવિકતાનો અરીસો બતાવે છે.

પૂનમનો પતિ બાબુ વડસર ગામનો છે. શહેરમાં રહીને તે કડિયાકામ શીખેલો પરંતુ તે દલિત હોવાથી ગામમાં કોઈ તેને કડિયાકામ માટે બોલાવતું નથી. શું દલિત લોકોના હાથે ચણાયેલી દિવાલ પણ અસ્પૃશ્ય બની જતી હશે? અહીં પ્રશ્નાર્થ દ્વારા આપણને સમાજ પર થયેલો સીધો કટાક્ષ નજરે પડે છે.

ડમાળી જેવા આગેવાન હોય કે પછી સમાજનું પંચ હોય એ બધાના મન-મગજ-મસ્તિષ્કમાં આભડછેટનું ભૂત કેટલી હદ સુધી ભરાયેલું છે તે કથાપ્રસંગે આપણને જોવા મળે છે.

મંદિરમાં જમણવાર વખતે પણ બધા સવર્ણો જમી લે તે પછી જ દલિતોને જમવા બેસાડવામાં આવે તે પણ બધાથી દૂર અને અલગ જગ્યાએ જમાડતી વખતે પણ પીરસનારાઓ થાળીમાં જમવાનું ઊંચેથી નાંખે. એક માણસનો બીજા માણસ પ્રત્યેનો આવો અમાનવીય વ્યવહાર કેટલી હદ સુધી સીમિત છે! મંદિરમાં ફરી વખત થયેલ જમણવારમાં પણ દલિતો

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

પ્રત્યે પુન: એવો દુર્વ્યવહાર કરવામાં આવે છે. બાબુની થાળીમાં ઉંચેથી પીરસતા ભેગી ધૂળ પણ પડે છે, ત્યારે વીકો ધીરેથી પીરસવાનું જણાવે છે ત્યારે પીરસનારાઓ મનફાવે તેમ ગાળો બોલે છે.

અહીં બસ હોય, ખેતર હોય, પીવાનું પાણી હોય કે જમણવાર, ડગલે ને પગલે દલિતો પ્રત્યેનો અમાનવીય વ્યવહાર આપણા હ્યદયને અંદરથી હચમચાવી મૂકે છે.

## સંદર્ભ સૂચિ:

(૧) ઇચ્છાવર, લે. રઘુવીર ચૌધરી, ત્રીજી આવૃતિ: ૨૦૧૮, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ.
(૨) નવલકથા સબંધિત યુટ્યુબ વિડિયો લેક્ચર